Indian Journal of Social Sciences and Literature Studies
Vol. 11, Issue 2, October 2025
ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (online)

# આદિવાસીઓના પરંપરાગત લોકવાદ્યો અને તેની સાંસ્કૃતિક ઓળખ

ડૉ.મધુભાઈ એન.ગાયકવાડ અને
ડૉ.રાજેન્દ્ર પટેલ
સમાજશાસ્ત્ર વિભાગ,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
સુરત

**સારાંશ:**

ભારતીય આદિવાસી સમુદાયો પોતાની આગવી સાંસ્કૃતિક ઓળખ માટે જગવિખ્યાત છે. આદિવાસીઓના આ વાદ્યો તેમના તહેવારો, ઉત્સવો તેમજ સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રસંગોએ તેમનો વિશેષ ઉપયોગ કરવામાં આવે છે. પ્રસ્તુત સંશોધન પેપરમાં આદિવાસીઓની સાંસ્કૃતિક ધરોહર સમાન પરંપરાગત લોકવાદ્યો, તેની બનાવટ અને વિવિધ પ્રસંગોમાં તેના ઉપયોગ અંગેની સમજ આપવાનો અહી પ્રયાસ કરવામાં આવેલ છે. આ સંશોધન લેખ પીએચ.ડી.અભ્યાસ દરમ્યાન ક્ષેત્રકાર્ય સમયે પ્રાપ્ત કરેલ માહિતીના આધારે તૈયાર કરવામાં આવેલ છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતના કોકણી કે કુંકણા આદિવાસી સમુદાયના સંદર્ભમાં આ વાદ્યોનું મહત્વ દર્શાવવામાં આવ્યું છે.

**ચાવીરૂપ શબ્દો: તંતુ વાદ્ય, શુશીર વાદ્યો, અંકિક વાદ્યો**, કનસરી,થાળ, **ઘાંઘળી.**

પ્રાચીન કાળથી જ માનવ જીવન સાથે જન્મથી માંડીને મૃત્યુ સુધીની એક ચોક્કસ સાંસ્કૃતિક પરંપરા જોડાયેલ જોવા મળે છે. જો કે, આવી સાંસ્કૃતિક ધરોહર પ્રત્યેક દેશ-પ્રદેશ, વિસ્તાર અને જાતિ પ્રમાણે અનોખી જોઈ શકાય છે. આથી, કોઈ પણ સમાજની સાચી ઓળખ એના સાંસ્કૃતિક વારસાના આધારે કરી શકાય છે. સાંસ્કૃતિક વારસાની દ્રષ્ટિએ જોઈએ તો આપણાં દેશમાં જેટલી વૈવિધ્યતા સામાજિક, ધાર્મિક કે ભૌગોલિક રીતે છે તેટલી જ વિવિધતા સાંસ્કૃતિક રીતે પણ જોવા મળે છે. આ બાબતની ખાતરી દરેક સમાજના વિશિષ્ઠ નૃત્ય, ગીત, વાદ્યો કે ભીંતચિત્રોના આધારે કરી શકાય છે. વધુમાં, ભારતના વિવિધ આદિવાસી સમુદાયો તો પોતાની આગવી સાંસ્કૃતિક ઓળખ માટે તો જગ વિખ્યાત છે. જો કે, તેઓની સંસ્કૃતિ શહેરી સંસ્કૃતિથી તદ્દન જુદી પડે છે. જે તેઓના મેળાઓ, તહેવારો-ઉત્સવો અને નૃત્યોમાં જોવા મળે છે. વળી, આ ઉત્સવો, મેળાઓ, નૃત્યો તેમની લોકકલા સાચવવાનું માધ્યમ પણ છે. જેની ઝલક તેમના વિવિધ વાર-તહેવારે કે પ્રસંગે વગાડવામાં આવતા વિવિધ પ્રકારના વાદ્યો તથા નૃત્યોમાં વર્તાય છે. ચિતળે(૧૯૭૮:૬૭)કહે છે તેમ વાદ્ય વિના ડાંગી લોક નૃત્ય તો અશક્ય જ છે.વાદ્ય અને નૃત્ય આ બે વચેનો સબંધ આત્મા અને શરીર જેવો છે.

સંગીત પરંપરાનું વૈવિધ્ય અને તેની વિપુલતા એ ભારતની વિશેષતા છે. વેદ આધારિત ભારતીય સંસ્કૃતિમાં સામવેદને સંગીતની ગંગોત્રી કહેવાય છે. ભારતીય સંસ્કૃતિમાં દરેક સામાજિક પરિસ્થિતિને અનુરૂપ સંગીતના સૂરોનું ચલણ સદીઓથી ચાલી આવે છે. વળી, ગીતના સૂરને મધુર બનાવવા સહયોગી તરીકે લોકવાદ્યો પણ વિપુલ પ્રમાણમાં જોવા મળે છે. આ તમામ આદિવાસી સમુદાયોના લોક જીવનમાં પણ પ્રસંગ અનુરૂપ સંગીત અને લોક વાદ્યોની શૃંખલા દ્રષ્ટિગોચર થાય છે. વળી, પ્રાકૃતિક વાતાવરણમાં વસવાટ કરતા આદિવાસી લોકોના વાદ્યોની બનાવટ પણ કુદરતી તત્વો પર આધારિત હોય છે, જેને મુખ્યત્વે (૧) તંતુ વાદ્ય (હાથથી વગાડવાના વાદ્ય), (૨) શુશીર વાદ્ય (ફૂંક મારીને વગાડવાના વાદ્ય), અને (૩) અંકિક વાદ્ય (થાપ વાદ્ય) એમ ત્રણ પ્રકારમાં વહેંચી શકાય છે. જેના વિશે વિસ્તૃત માહિતી નીચે મુજબ છે.

**(૧) તંતુ વાદ્યમાં થાળ અને ધાંધળી એમ બે વાદ્યોનો સમાવેશ કરવામાં આવે છે.**

- **થાળ :** આ વાદ્યની રચના ખૂબ જ રસપ્રદ છે. કાંસાની એક મોટી થાળીમાં કોતીના મધનું મીણ (મધપૂડામાંથી મધ નીચોવી લીધા બાદ વધેલ બિનજરૂરી પદાર્થમાં લાકડાનો કોલસો ભેળવી કાળા રંગનું બનેલ ઘટ્ટ દ્રવ્ય) મૂકી, 'ભાંગસર' (વનસ્પતિનો એક છોડ)ની એક ત્રણ-ચાર ફૂટની લાંબી, પોલી અને સૂકી સળી (લાકડી) લઈ તેની ઉપર મીણ ઘસી તેને થાળીના મધ્યભાગમાં મીણ ઉપર ઉભી મૂકવામાં આવે છે. થાળીમાં રહેલ ઉભી સળીને હળવા હાથે નીચે તરફ ખેંચતાં મીણ સાથે જોડાયેલ થાળીમાં કંપનથી મધુર ધ્વની ઉત્પન્ન થાય છે તેને 'થાળ વાદ્ય' કહેવામાં

આવે છે. આ વાદ્ય વગાડનારને 'થાળકર' કહેવામાં આવે છે. આ વાદ્ય વગાડવા માટે થાળકર પલાઠી વાળીને થાળી પોતાના ખોળામાં રાખીને થાળીમાં રહેલી ઉભી સળી ઉપર હાથની આંગળીઓ કુશળતાપૂર્વક ફેરવીને કર્ણ પ્રિય સૂર કાઢે છે. આ થાળ વાદ્યમાં ઉભી સળીને 'સર' કહેવામાં આવે છે. જેમાં ઉત્પન્ન થતું કંપન થાળી સુધી પહોંચાડવાનું કામ મીણ કરે છે. તો વળી તેના સૂરને મોટો કરવાનું કામ કાંસાની થાળી કરે છે. થાળ વાદ્યની વિશેષતા એ છે કે કંઠ (ગાન) મુજબ તેના સૂર મેળવી શકાય છે.

આ વાદ્ય ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં ખૂબજ પ્રચલિત છે. આદિવાસીઓમાં આજે પણ કનસરી દેવીની કથા, માવલી માતા કે ડુંગર દેવની કથા તેમજ મૃત્યુ પ્રસંગની વિધિના સમયે આ વાદ્ય ખાસ વગાડવામાં આવે છે.

ખાંડરા, જગદીશ (૨૦૨૧:૪૬) થાળ વાદ્યના ઉપયોગ અંગે  જણાવે છે કે, "ધરમપુર-કપરાડામાં મૃત્યુની કથામાં આ વાદ્ય વગાડવામાં આવે છે. વળી, સ્ત્રી-પુરુષના મૃત્યુ વખતની કથા પણ અહીં જુદી હોય છે, પુરુષનું મરણ થાય તો 'રંગુદેવ' કે 'રાઘોપોપટ' અને સ્ત્રીનું મરણ થાય તો 'માનસિંહ અને સાળવાં રાણી'ની કથા થાળ વાદ્ય પર ગાવાની પરંપરા છે". વળી, આ થાળકરને સહકાર આપવા એક વ્યક્તિ સાથે હોય છે જેને 'હોકારીયો' કહેવાય છે. કથાને રોચક બનાવવા માટે તેની ભૂમિકા મહત્વની ગણવામાં આવે છે.

- **ઘાંઘળી :** આ વાદ્ય બનાવવા માટે વાંસની સૂકવેલી આશરે એક મીટર લાંબી લાકડીને એક છેડે મોરપીંછ લગાડવામાં આવે છે. લાકડીના બંને છેડેથી મધ્ય ભાગે સુકવેલ એક નાની અને મોટી લંબગોળાકાર તુંબડા (દુધી)ના ડીચા (છેડા) પાસે પાતળા ભાગમાંથી લાકડી આરપાર પરોવી મીણથી ફીટ કરવામાં આવે છે. તુંબડા પર એક નાની લાકડી ફીટ કરવામાં આવે છે તેની સાથે એક તાર બાંધવામાં આવે છે. તેને ગલગોટાના ફૂલોથી શણગારવામાં આવે છે. આ તંતુવાદ્ય ઘાંઘળીનો સૂર ઝીણો છતાં મધુર છે. આ વાદ્ય માત્ર પુરુષો દ્વારા જ વગાડવામાં આવે છે.

**(૨ ) શુશીર વાદ્યો (ફૂંક મારીને વગાડવાના વાદ્યો) કાહળ્યા, તારપું અને મોહવરએમ ત્રણ પ્રકારના સમાવેશ કરવામાં આવે છે.**

કાહળ્યા **(શરણાઈ જેવું વાદ્ય) :** કાહળ્યા એ શરણાઈ જેવું વાદ્ય છે. આ વાદ્યની બનાવટમાં પિત્તળ તથા તાડના પાનની જરૂર પડે છે, જેનો અમુક ભાગ લુહાર બનાવે છે. મોટેભાગે આ વાદ્યના વાદનમાં એક નાનો અને બીજો એક મોટો કાહળ્યો એમ બંનેનો એકસાથે ઉપયોગ થાય છે. આ વાદ્યનો સૂર કર્ણપ્રિય હોય છે, જે ખાસ કરીને લગ્ન, સગાઈ જેવા શુભ પ્રસંગે વગાડવામાં આવતું હોય

છે. વળી, આ વાદ્ય આદિવાસીઓના પ્રિય એવા ‘ડાંગી નૃત્ય’ માં પણ વગાડવામાં આવે છે. આ વાદ્ય અંગે ગાયકવાડ, કમલેશ (૨૦૧૭) નોંધે છે કે, “આ વાદ્ય સાથે બે નાની ઢોલકી હોય છે. જેને કુંકણાઓ ‘સાંગડ’ (તબલા જેવું ગળામાં લટકાવીને વગાડવાનું વાદ્ય) તરીકે ઓળખે છે. આમ, કુલ મળીને ત્રણ વાદ્યોનો સમૂહ છે જેમાં, સાંગડ, કાહળી (શરણાઈ) અને શુરતે (એકધારું ફૂંક મારીને એક જ સૂરે વગાડવામાં આવતું વાદ્ય)નો સમાવેશ થાય છે. આ ત્રણ વાદ્યનો સમૂહ એટલે ‘કહાળિયા’.

**તારપું :** કુંકણા આદિવાસીઓનું પ્રમુખ વાદ્ય ‘તારપું’ છે. કુંકણાઓમાં વાર-તહેવારે તારપું વગાડવામાં આવે છે. તારપાની બનાવટ પણ વિશિષ્ઠ છે. જેમાં નાનાં તારપાને ‘પાવરી’ કહેવામાં આવે છે જે ડાંગ પ્રદેશમાં પ્રચલિત છે. આ વાદ્ય ગાય કે બળદના શીંગ, બે વાંસની ભૂંગળીઓ, એક દૂધી, મોર પીંછ, મીણ, શણની દોરી વડે બનાવવામાં આવે છે. આ વાદ્ય મોઢાં વડે ફૂંકી મારીને વગાડવામાં આવે છે, જેના સૂર મોટા કરવાનું કાર્ય શીંગ કરે છે. આ વાદ્ય વગાડનારને ‘તારપકર’ કહેવામાં આવે છે. વળી, આ વાદ્ય શ્વાસ-ઉચ્છવાસ ક્રિયામાં ફાવટ અને આવડત ધરાવતાં વ્યક્તિ જ વગાડી શકે છે. કારણ કે, તારપું વગાડવા માટે વધુ સમય સુધી શ્વાસ રોકી રાખવો પડે છે. જે નિરંતર અભ્યાસ વગર શક્ય નથી. આ તારપું ડુંગરદેવની કથા કરવામાં આવે તે ખળી કે મંડળમાં દેવોને આમંત્રણ આપવા વગાડવામાં આવે છે. માવલી માતા અથવા ડુંગર દેવની પૂજા વખતે વિવિધ દેવી ચાળાનો ઉપયોગ કરીને તારપકર લોકોને અલગ અલગ ઢંગથી નચાવે છે. જેમાં તેની સાથે કિરચે વાદ્ય સહયોગી બને છે. આ બંને વાદ્યના તાલે લોકો પોતાની ધૂનમાં મશગૂલ થઈ નૃત્ય કરે છે. જાદવ, જોરાવરસિંહ (૧૯૯૨: ૫૪) તારપું વિશે નોંધે છે કે, “ફૂંક વડે વાગતાં વાજિંત્રોમાં આ વાદ્ય આદિવાસીઓનું અત્યંત પ્રિય વાદ્ય છે. દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ તારપું વગાડીને રાતભર નાચે છે”. તે ઉપરાંત ખાંભલા ગામના સોનકેભાઈ પવાર (ઉંમર ૬૯ વર્ષ) કહે છે કે, “બાધા કે આખડી લેવાની હોય કે પૂર્ણ કરવાની હોય ત્યારે તારપું વગાડવામાં આવે છે.”

**મોહવર** : મોહવર વાદ્ય ત્રણેક ફૂટ લંબાઈ ધરાવતાં પોલા વાંસમાંથી બનાવવામાં આવે છે. જેમાં વાંસને સૂકવીને વાંસળીની માફક સૂર કાઢવા તેની ઉપર અને નીચે યોગ્ય અંતરે સાત-આઠ છિદ્રો પાડવામાં આવે છે. તેના મધ્યમાં પોલી વાંસળી ફૂંક મારવા માટે મીણ દ્વારા ખોસવામાં (ફીટ કરવું) આવે છે. આ નાની સળીમાં ફૂંક મારીને છિદ્રો પર આંગળીઓ વડે ઉઘાડ-બંધ કરતા મધુર નાદ ઉત્પન્ન થાય છે. હોળીના પ્રસંગે તથા ધુળેટીના દિવસે ફાગ માંગવા આ વાદ્ય વગાડવામાં આવે છે. આ વાદ્ય બાબતે પટેલ, મહેન્દ્ર (૨૦૧૯: ૪૪) નોંધે છે કે, “કાનુડાની ‘વાંસળી’ તો કુનબીની ‘મોહવર’. કુંકણા જગઉત્પત્તિની કથા કનસરી કથામાં પીલવા પેંઢાર પર મોહવર વગાડતો કુનબી અને એના સૂર ઉપર વરી જતી દેવી કનસરી આ વાતની સાક્ષી પૂરે છે”.

**(૩) અંકિક વાદ્યો (થાપ મારીને વગાડવાના વાદ્યો) માં ઢોલ, માદળ, ઢાંક વાદ્ય, કિરચે/ કરચે વાદ્યનો સમાવેશ થાય છે.**

- **ઢોલ :** થાપ મારીને વગાડવામાં આવતા વાદ્યોને અંકિક વાદ્યો કહે છે. તેમાંય ચર્મવાદ્ય ઢોલક જાણીતું વાદ્ય છે. આ વાદ્ય સીસમ કે સીવનના ઝાડના લાકડામાંથી બનાવવામાં આવે છે. સામાન્ય રીતે ઢોલવાદ્ય દોઢ-બે ફૂટ લંબાઈવાળા અને પહોળા વ્યાસના હોય છે. તેને લોખંડની રીંગ સાથે બકરાનું ચામડું મઢાવી દોરીથી ફીટ બાંધવામાં આવે છે. તૂર કે માદળની જેમ આ વાદ્ય પણ પ્રમાણમાં મોટું હોય છે. આદિવાસીઓમાં આ વાદ્ય લગ્ન, સગાઇ કે શુભ પ્રસંગે તથા ભજન, કીર્તન મંડળીમાં આ વાદ્ય ગળામાં પરોવીને કે બેસીને બંને હાથે વગાડવામાં આવે છે. વળી, હોળીના હાટ-બજારમાં ફાગ માંગવા માટે પણ આ વાદ્યનો ઉપયોગ થાય છે. ખાસ કરીને જો કાહળ્યા (શરણાઈ વાદ્ય) સાથે તેનો તાલ બેસાડવામાં આવે તો તે એક સિક્કાની બે બાજુની ગરજ સારે છે. ડાંગ પ્રદેશમાં પ્રખ્યાત તમાશા નૃત્યમાં આ ઢોલકની વિશેષ જરૂર રહેતી હોય છે.
- **માદળ :** માદળ એ આદિવાસીઓમાં સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક દ્રષ્ટીએ ખુબ જ મહત્વનું ગણાતું વાદ્ય છે. મૃદંગ જેવું દેખાતું આ વાદ્ય બીયાના, સીવણ અને સાગના કે કળંબના ઝાડના લાકડામાંથી બનાવવામાં આવે છે. વળી, તેમાં ચામડું, શણની દોરીનો પણ ઉપયોગ થાય છે. આ વાદ્યની લંબાઈ છત્રીશ થી ચાલીશ ઈંચની હોય છે. જેમાં માદળ ઉપર લગાવેલા ચામડાનો ઘેરાવો એટલે કે વ્યાસ દસ ઇંચ જેટલો હોય છે. જેને સ્થાનિક કુંકણા બોલીમાં ‘ઘોદ’ કહે છે. આ ‘ઘોદ’ પર સામાન્ય રીતે કોતીનું મીણ (મધપૂડામાંથી કાઢીને) લગાડવામાં આવે છે, પરંતુ જો તાત્કાલિક મીણ ન મળે તો રાંધેલો ભાત સાથે રાખનું મિશ્રણનો ઉપયોગ કરે છે.
- **ઢાંક વાદ્ય (ડમરું આકારનું વાદ્ય)** : ઢાંક વાદ્ય બીયા કે સીવણ ઝાડના લાકડામાંથી બને છે. ડમરું આકારનાં આ વાદ્યની લંબાઈ નવથી દસ ઇંચ હોય છે, જેની ઉપર બકરાનું ચામડું ચઢાવાવમાં આવે છે. ઢાંક વાદ્ય અંગે ખાંડારા, જગદીશ (૨૦૨૧: ૪૦) જણાવે છે કે, “પરંપરાગત બકરાના જઠરનું ચામડું વપરાતું પણ તે આજે સહેલાઈથી ન મળવાથી સાદા ચામડામાંથી મઢાવીને દોરીથી ફીટ કરવામાં આવે છે જેને કલાકાર પોતે બનાવે છે”.
- **કિરચે/ કરચે વાદ્ય** : આ વાદ્ય તારપાં વાદ્યની સાથે વગાડવામાં છે. કુંકણા આદિવાસીઓની ધાર્મિક આસ્થા સાથે જોડાયેલ માવલી માતાની પૂજન વિધિમાં કરવામાં આવતું માવલી નૃત્યમાં તારપાની સાથે ‘કીરચી’ને પણ મહત્વ અપાય છે. આ વાદ્ય બનાવવું ખૂબ સરળ છે. જેમાં વાંસને ત્રણેક ફૂટ ચીરીને તેના પર લાઈન બંધ નાનાં-નાનાં કાંપા પાડવામાં આવે છે. તેની ઉપરના ભાગે ગોળાકાર ‘તુંબડું’ (સૂકવેલ દુધી)ના ડીચા (છેડો)ને વાંસની લાકડીમાં આરપાર પરોવી

તુંબડાને મીણથી ફીટ કરવામાં આવે છે. કિરચે વગાડનાર વ્યક્તિના માથે કલાત્મક ટોપી અને રંગીન પહેરવેશ આકર્ષક બની રહે છે. આ નૃત્યકારને સ્થાનિક બોલીમાં 'ટાપરા' ના નામે ઓળખાય છે.

સમગ્ર રીતે કહીએ તો આ લોક વાદ્યો સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક રીતે આદિવાસી સમાજમાં ખૂબજ મહત્વ ધરાવે છે. મનોરંજનની સાથે આ વાદ્યો દ્વારા જે નૃત્યો કરવામાં આવે છે તે આદિવાસીઓને જીવન જીવવાની શિખામણ આપે છે. પ્રકૃતિ સભર ખીણોમાં વસતા આ આદિવાસીઓના વાદ્યો આજે પણ એમના સમાજમાં એટલું જ મહત્વનું સ્થાન ધરાવે છે.

**સંદર્ભ સૂચિ**


- ખાંડરા, જગદીશ (૨૦૨૧) આદિવાસી સાંસ્કુતિક વારસો, રાજકોટ: પ્રવીણ પ્રકાશન.
- ચિત્તળે, ડી. બી. (૧૯૭૮) ડાંગ એક સમ્યક દર્શન, આહવા: ડાંગ જીલ્લા પંચાયત.
- જાદવ, જોરાવરસિંહ (૧૯૯૨) ગુજરાતનો લોકકલા વૈભવ, અમદાવાદ: ગુર્જર એજન્સી.
- નાયક, ટી. બી. (૧૯૪૮). "કુંકણા આદિવાસીઓ". પ્રસ્થાન, અંક-૩, અમદાવાદ: ગુજરાત વિદ્યાપીઠ.
- પટેલ, મહેન્દ્ર આર. (૨૦૧૯). કુંકણા લોકવાર્તા, ગોધરા: ગોવિંદ ગુરુ પ્રકાશન.
- શાહ, વિમલ (૧૯૬૬) ગુજરાતના આદિવાસીઓ, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, અમદાવાદ: ગુજરાત વિદ્યાપીઠ.